**અમદાવાદ (રુરલ) ના મે.બીજા જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,મું.અમદાવાદ**

**Exh. ___**

**<u>ફોજદારી કેસ નંબર: 7084 /૨૦૧૮</u>**

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપી:- Aatishbhai Pravinchandra Vyas
ઉ.વ.પુખ્ત, ધંધો:મજુરી
રહે. 10, Shriji Society, Geratpur,
Taluka Dascroi, A'bad.

ગુનો:-ગુ.પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબ.

**<u>-: ચુકાદો :-</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસેચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજરોજ નામ.નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેર્પસની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વીરુધ્ધ ગુના અંગેનું તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી તહોમત વીશે પુછતા ગુનો કબુલ હોવાનું જણાવતા ગુના ની પ્લી રેર્કડ કરેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરશીસ આપી એમાં જાહેર કરેલ છે કે આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગીરબ વર્ગના ઈસમ છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી. અમો છુટક મજુરી કરીએ છીએ અને અમોને દરરોજ મજુરી પણ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરવામાં પણ મુશ્કેલી પડે છે અને તેવી સ્થિતીમાં આ ગુનો થઈ ગયેલ છે. આ ગુનામા અમોએ કોઈ સાથે જાહેર માં ઉપદ્વ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી

કે અશિસ્ત ભાષા વાપરેલ નથી કે કોઈ સાથે મારા મારી કરી કોઈ ઈસમ કે જાહેર મિલકત ને હાનિ પહોચાડેલી નથી અને તેવો કોઈ આક્ષેપ પણ અમારી સામે નથી. ચાર્જશીટ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પિધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો આક્ષેપ છે. અમારી આર્થિક પરીસ્થિતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યિાન અમારે વારંવાર આવવાની જરુર પડે અમારી દૈનિક મજુરી જતી રહે તેમજ વકીલ રોકી પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતો ઘ્યાને લઈ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમારી ભુલ સુધારવા માંગથીએ છીએ અને અમોને સજામાં જેલ મોકલવામાં આવે તો અમારા કુટુબંનો ભરણપોષણ કરનાર કોઈ ના હોય અમારા કુટુંબના ઘરના લોકોને ભુખે રહેવુ પડે તેમ હોય જેથી ગુનાનો પસ્તાવો કરી અમારી આ પ્રથમ ભુલ માફ કરી ઓછી દંડની સજા કરી અમારા સામે રહેમ રાખવા અરજ કરેલ છે.

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેર્કડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આરોપી સામે વગર પાસ–પરમિટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવાનો આક્ષેપ છે. અને આરોપી વીરુઘ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, આશિષ્ત ભાષા વાપરી કે મારા–મારી કરેલ કે કોઈ વ્યકિત કે જાહેર નુકશાન કે હાનિ કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના સરકારી અમલદાર મુળ ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો,ડોકટર સાહેદ, તપાસનિશ અધિકારી ને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેર્કડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીગ કેસની સંખ્યા સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. તેમજ ટ્રાયલમાં ફરીયાદપક્ષના વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય, તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાન ઠરે ત્યારે સજા વખતે પણ આરોપીની કબુલાત પુરશીસમાં જણાવેલ આરોપીની સ્થિતી ઘ્યાને અવ્શય લેવામાં આવે અને તેના બદલે હાલના તબ્બકે આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને શરુઆતમાં ગુનો કબુલ કરે છે. ત્યારે તેણે ગુના કબુલ સંર્દભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેર્કડ ઉપર

આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતીઓને ઘ્યાને લઈ તથા ક્રિ.અપીલ નં.૪૭૭/૦૨ વીગેરેના કામમાં સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચંદજી ઠાકોરના કેસમાં નામદાર હાઈકોર્ટે સદરુહ ચુકાદામાં નીરીક્ષણ કર્યા મુજબ  ખાસ અને સ્પેશયલ કારણો હોય અને પ્રથમ વખતનો ગુનો હોય તેવા સંજોગોમાં અદાલત  જયારે આરોપી ગુનો કબુલ કરે અગર તો પુરાવાથી કેસ સાબીત થાય તેવા સંજોગોમાં જે કાયદામાં ઓછામાં ઓછી સજા નકકી કરેલ હોય તેના કરતાં પણ અદાલત ઓછી સજા કરી શકે છે. આ પ્રકારનું નિરીક્ષણ ઘ્યાને લેતાં તથા આરોપીનો પ્રથમ ગુનો હોય તથા પુરસીસમાં જણાવેલ કારણો જોતા તથા કેસ ચાર્જશીટ તેમજ આરોપીની ઉંમર ઘ્યાને લેતા તથા કબુલાત પુરશીસમાં જણાવેલ કારણો ઘ્યાને  લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>-: હુકમ :-</u>

ક્રિ. પ્રો. કો. ક. ૨૪૧ અન્વયે આ કામના આરોપીને તેમની સામેના પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૩૦૦/- (અંકે રુપિયા Three Hundred પુરા) નો દંડ કરવામાં આવે છે. અને જો આરોપી દંડ ના ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનો મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આજ તા. ૦૮/૦૯/૨૦૧૮ ના રોજ લોક અદાલત ''સ્પેશિયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ'' માં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૯/૨૦૧૮.

**(MOHMADSARIK MUDASARALI SAIYED)**

અમદાવાદ

2nd Addil. Civil Judge & J.M.F.C.,Ahmedabad(Rural).
Judge Code : GJ 01103